તારાંકિત પ્રશ્ન ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/56

વિષય:

અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 04/01/2024 | 29/01/2024 | 12/01/2024 |

*15/4/56 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રમ્હા)

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧માં રૂ.૨.૮૯ અને બીડ-૨માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી ક્યા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૩) ઉક્ત કરાર બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉક્ત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે ?

----